શિયાળો આવતા ઉબાડીયું ના ચાહકો ઠેર-ઠેરથી ગણદેવી, ડુંગરી આવે છે

ગણદેવી, મુંબઈથી છેક ભાવનગર, ઉમરગામ, સુરત, વડોદરા, અમદાવાદ સુધીના ઉબાડીયા ચાહકો એને આરોગવા ગણદેવી, ડુંગરી જેવા મોટા કેન્દ્રોમાં શિયાળા દરમિયાન નવેમ્બર-ડિસેમ્બર, જાન્યુઆરીમાં આવે છે. હવે આ ઉબાડીયું ખેતરમાં બેસીને ખાનારુ રહ્યું નથી અને એક નાના ગૃહ ઉદ્યોગમાં ફેરવાઈ ગયો છે અને માણસોને એની રોજરોટી મળે છે અને એમાંથી એક વ્યવસાયી સ્વરૂપ વિકસી રહ્યું છે. આગામી દિવસોમાં ઉબાડીયુ વિદેશની સફર કરે તો નવાઈ નહી. ગણદેવીમાં ઉબાડીયા સાથે ચટણી બનાવવામાં આવે છે એ થોડી વિશેષરૂપ બનાવતી હોવાનું ગણદેવીના ઉબાડીયા ઉત્પાદકોએ વાતચીતમાં જણાવ્યું હતું. તેઓ ચટણીમાં લીલુ લસણ, પાણા, આદુ લસણ તેમજ સુકો તેજાનો નાખી મશીનમાં ઘૂંટતા નથી કે બનાવતા નથી પણ પથ્થરના ઘૂંટણમાં ચટણી કુટીને બનાવતો હોય એમાં એક જુદા જ પ્રકારનો સ્વાદ આવતો હોવાથી ઉબાડીયા ચાહકો ગણદેવી પંથકમાં વિશેષ આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું છે. જેથી આ ઉપાડ્યું વર્ષોવર્ષ વખણાતું ગયું છે.શિયાળા ઠંડીનો પ્રારંભ થાય અને એની સાથે સંલગ્ન એવી અનેક વાનગીઓ ખાણીપીણી સિઝન પ્રમાણે બજારમાં આવતી હોય છે. ખાસ કરીને શિયાળાની ઋતુમાં શેરડીના રસમાંથી બનતી દુધેલી, જુવારમાંથી બનતો પૌષ્ટિક પૉક, વિવિધ પ્રકારના શિયાળાના પાકો, આયુર્વેદિક શક્તિદાયક પાકો તો બીજી તરફ આદિવાસીઓનું એક જમાનાનું સાદુ અને પ્રિય એવું ઉબાડીયું હવે શહેરીજનો માટે મહેફિલમાં ટેસ્ટી ચટાકેદાર વાનગી બની ગયું છે. મૂળભૂત રીતે આ ઉબાડીયુ આદિવાસીઓનું શિયાળાનું ઉજવણીનું માધ્યમ હતું. તેઓ ખેતરમાં માટલામાં ક્લાર પાથરી અંદર બટાકો, કંદ, શક્કરીયા, પાપડી એની અંદર મસાલો નાખી માટલામાં ભરી દઈ વ્યવસ્થિત બનાવી માટલામાં ભરવામાં આવે છે, માટલાને ક્લારથી બંધ કરી દેવામાં આવે છે અને ત્યારબાદ એ માટલાને ઊંધું મૂકી અડાયાથી યા છાણાથી સળગાવી બાફવામાં આવે છે. બાદમાં તેને થોડું ઠંડું પાડવામાં આવે છે અને પછી તેની વિશિષ્ટ ચટણી સાથે ચટાકેદાર બનાવી દહીંના મઠા સાથે ખાનારો વર્ગ ગણદેવીમાં વર્ષોવર્ષ વધતો જાય છે. મૂળભૂત રીતે આ ઉબાડીયું હળપતિઓની વાનગી હતી. છેલ્લા ૨૫ વર્ષથી હવે એ આ ઉબાડીયુ એનું સ્વરૂપ બદલી ખાનારાઓની માગ મુજબ ચટાકેદાર બનતું ગયું છે. બીજી તરફ હળપતિઓના હાથમાંથી સરકી જાય હિન્દીભાષીના હાથમાં ગણદેવી પંથકમાં તો ચાલી ગયું છે. પારડી, વલસાડ, ડુંગરી વિસ્તારમાં સ્થાનિક કોળી પટેલો કે અન્ય આ વ્યવસાય સાથે સંકળાયેલા આખરે તો સમગ્ર નવસારી-વલસાડ જિલ્લામાં હવે આવવું પડ્યું એનું મૂળભૂત સ્વરૂપ છોડી ચટાકેદાર વાનગીના સ્વરૂપમાં આવી ગયું છે.

સેબીના વિરોધમાં સહારાના કાર્યકર્તાઓ તથા સમ્માનિત નિવેશકોના ધરણા

સેબી
હમારે ઘરોં કે, ગુડ્ડે મત ઘુસાઓ